


# વર્ષ-૨૦૧૩માં બનાવેલા પાળા એક જ વર્ષમાં ધોવાયા, હવે વેલાછા ગામ પૂરના ભરોસે!

વેલાછા ગામની નજીકથી પસાર થતી મોટી કીમ નદી ગામવાસીઓ માટે લાભદાયક ઓછી અને આફત સર્જનારી વધુ પુરવાર થઈ રહી છે. ગામના કેટલાક ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો નીચાણવાળા વિસ્તારમાં રહેતા હોવાથી, ચોમાસાના ચાર મહિના દરમિયાન જ્યારે પણ કીમ નદીમાં પૂરના પાણી આવે છે ત્યારે લોકોના જીવ અધ્ધર થઈ જાય છે. જ્યારે નદીમાં મોટી રેલ આવે ત્યારે આ ગરીબ પરિવારોને પોતાના ઘર છોડીને સલામત જગ્યાએ સ્થળાંતર કરવાની નોબત આવે છે, જેના કારણે દર વર્ષે ચોમાસામાં ભયનો માહોલ સર્જાય છે. આ પૂરની સમસ્યાથી બચવા માટે અગાઉ વર્ષ-2013ની સાલમાં નદી કાંઠે પાળા બાંધવામાં આવ્યા હતા. પરંતુ તંત્રની નબળી અને વ્યવસ્થિત કામગીરીના અભાવે આ પાળા માત્ર એક જ વર્ષમાં તૂટીને નામશેષ થઈ ગયા હતા. ત્યારથી લઈને આજદિન સુધી ગામ લોકો ફરી પૂરના જોખમ વચ્ચે જીવી રહ્યા છે. સ્થાનિક ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની સરકાર અને વહીવટી તંત્ર પાસે પૂરજોશમાં માંગણી છે કે, ગામની સલામતી માટે વેલાછા ગામની હદ સુધી કીમ નદીના કાંઠે આ વખતે મજબૂત અને વ્યવસ્થિત પાળા બાંધવામાં આવે, જેથી દર વર્ષે ઊભી થતી આકાશી આફત અને સ્થળાંતરની સમસ્યામાંથી ગામના ગરીબ પરિવારોને કાયમી મુક્તિ મળી શકે અને તેઓ સુરક્ષિત રહી શકે.




## એજ્યુકેશન સ્પેશિયલ: વેલાછાની જયશંકર દાદા હાઇસ્કૂલ



વેલાછા ગામની મોટી હાઇસ્કૂલ આજે આસપાસના વિસ્તાર માટે સાચા અર્થમાં 'શિક્ષણ ધામ' સાબિત થઈ રહી છે. માત્ર વેલાછા જ નહીં, પરંતુ હથોડા, વરેઠી, વડોલી, કનવાડા, રણકપોર, સિમોદરા, લિંબાડા, આસોદલા, ઘુટી, શેઠી, મોલવણ, સાવા અને નંદાવ સહિતનાં ૧૦થી વધુ ગામોના વિદ્યાર્થીઓ માટે આ શાળા કારકિર્દી ઘડવાનું મુખ્ય કેન્દ્ર બની છે. અહીંથી ભણીને નીકળેલા અનેક વિદ્યાર્થીઓ આજે દેશ-વિદેશમાં ઊંચા હોદ્દા પર નોકરી કરી રહ્યા છે અને હાલમાં પણ આ તમામ ગામના વિદ્યાર્થીઓ અહીં જ જ્ઞાન મેળવી રહ્યા છે. આ હાઇસ્કૂલનો પાયો વર્ષ-૧૯૬૧માં નાંખવામાં આવ્યો હતો, ત્યારે તેનું નામ 'વિનય વિદ્યા મંદિર, વેલાછા' રાખવામાં આવ્યું હતું અને તે નિયમિત રીતે કાર્યરત હતી. જો કે, વર્ષો વીતતા શાળાનું મકાન જર્જરિત બન્યું હતું. એ સમયે તરસાડીના રહેવાસી દોલતસિંહ નાથાબાવા શાળાની મદદે આવ્યા હતા. તેમણે શાળાના નવા બાર ઓરડા અને પતરાનો શેડ બનાવી આપવાનું બીડું ઝડપ્યું હતું. તેઓ જયશંકર દાદા ભગવાનના રૂઢિચુસ્ત ભક્ત હોવાથી તેમણે એક શરત મૂકી હતી કે આ શાળાનું નામ બદલીને 'જયશંકર દાદા હાઇસ્કૂલ' રાખવામાં આવે. ત્યારથી આ શાળા આ જ નામથી ઓળખાય છે, જ્યાં આજે ભવ્ય ૩૬ ક્લાસ રૂમની સુવિધા ઉપલબ્ધ છે. શાળાની શૈક્ષણિક ગુણવત્તાની વાત કરીએ તો છેલ્લાં કેટલાંક વર્ષોથી આ હાઇસ્કૂલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાઓમાં સતત ૧૦૦% પરિણામ મેળવી રહી છે. આ અભૂતપૂર્વ સફળતાનો મુખ્ય શ્રેય શાળાનાં આચાર્યા જિજ્ઞાસાબેનની રાત-દિવસની મહેનતને ફાળે જાય છે. શિક્ષણ ક્ષેત્રે તેમના આ ઉત્કૃષ્ટ પ્રદાન બદલ ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી દ્વારા તેમને ખાસ એવોર્ડ આપીને સન્માનિત પણ કરવામાં આવ્યાં છે, જે સમગ્ર પંથક માટે ભારે ગૌરવની બાબત છે.

## કોસંબા-માંગરોળ રોડ પર દોડતાં ભારે વાહનો ગ્રામજનો માટે જોખમી, અકસ્માતનો ભય

ફોટો: દોડતા મોટા વાહનો

ગામની મધ્યમાંથી પસાર થતા કોસંબા-માંગરોળ રોડના કારણે ગામ બે ભાગમાં વહેંચાઈ ગયું છે. આ માર્ગ પરથી રાત-દિવસ ગ્રામજનો અને નાનાં વાહનોની સતત અવરજવર રહે છે. તેવામાં રેતી-કપચી ભરીને બેફામ દોડતાં ડમ્પરો અને ભારે વાહનોને કારણે સતત અકસ્માતનો ભય તોળાઈ રહ્યો છે, તેમજ ધૂળની ડમરીઓથી લોકો પરેશાન છે. તાજેતરમાં જ એક ડમ્પરની અડફેટે મોપેડ સવાર દંપતીનું મોત નીપજ્યું હતું. સ્થાનિકોની માંગ છે કે પોલીસ તંત્ર દ્વારા આ માર્ગ પર લોડિંગ વાહનોની ગતિ મર્યાદા નક્કી કરવામાં આવે અને જવાબદાર તંત્ર વહેલી તકે સરવે કરી જરૂરી જગ્યાએ સ્પીડ બ્રેકર (બંપ) મૂકે.



## વેલાછા સહિત 10 ગામ માટે વિમલ જૈન દાનવીર પુરવાર થયા



મૂળ વેલાછા ગામના વતની અને હાલ સુરતના જાણીતા ઉદ્યોગપતિ વિમલભાઈ ફૂલચંદ જૈન પરિવારે વતનની ધરતીનું ઋણ અદા કરીને માનવતાની મહેક ફેલાવી છે. વર્ષ-1965માં વેલાછાથી સુરત સ્થાયી થયેલા વિમલભાઈએ અથાક મહેનતથી 'ડાયન પ્રિન્ટિંગ પ્રોસેસ હાઉસ' શરૂ કરી એકમાંથી પાંચ મિલના માલિક બની સફળતાનાં શિખરો સર કર્યાં છે. સફળતાની સાથે તેઓ પોતાની માતૃભૂમિને ભૂલ્યા નથી. વિમલભાઈ જૈન તેમનાં માતા-પિતા શાંતાબેન અને ફૂલચંદભાઈના સ્મરણાર્થે દર વર્ષે માદરે વતન વેલાછાની હાઈસ્કૂલ સહિત આસપાસના 8થી 10 ગામોના ગરીબ વિદ્યાર્થીઓને નોટબુક, દફતર, બોલપેન અને કંપાસ બોક્સની શૈક્ષણિક કિટનું વિનામૂલ્યે વિતરણ કરે છે. આ ઉપરાંત શિયાળાની ગુલાબી ઠંડીમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ઠંડીથી રક્ષણ આપવા ગરમ ધાબળા (બ્લેન્કેટ) વહેંચવામાં આવે છે. પૂર, અકસ્માત કે કોઈપણ કુદરતી આફતના સમયે આ પરિવાર હંમેશાં અગ્રેસર રહીને આર્થિક અને સામાજિક મદદ પહોંચાડે છે. આ વિસ્તારના ગરીબ અને મધ્યમ વર્ગ માટે વિમલભાઈ ફૂલચંદનો પરિવાર સાચા અર્થમાં 'દાનવીર કર્ણ' પુરવાર થઈ રહ્યો છે.



## આઝાદીના દાયકાઓ બાદ પણ વેલાછા-પાણેથા માર્ગ બિસમાર

દેશ આઝાદ થયાને દાયકાઓ વીતી ગયા હોવા છતાં વેલાછાથી પાણેથા ગામને જોડતો મુખ્ય માર્ગ આજે પણ કાચો અને બિસમાર હાલતમાં છે. સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનો દ્વારા આ રોડને પાકો બનાવવા માટે વર્ષોથી રજૂઆતો કરવામાં આવી રહી છે, પરંતુ તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. ચોમાસામાં આ કાચો માર્ગ કાદવ-કીચડથી ભરાઈ જતાં વાહનચાલકો અને રાહદારીઓ માટે ભારે હાલાકી ઊભી થાય છે. ખેતપેદાશો બજાર સુધી પહોંચાડવામાં ખેડૂતોને મોટું નુકસાન વેઠવું પડે છે. વર્ષો જૂની વાજબી માંગ ન સંતોષાતાં લોકોમાં તંત્ર સામે ભારે નારાજગી વ્યાપી છે. ગ્રામજનો હવે જવાબદાર તંત્ર પાસે ન્યાય અને પાકા રસ્તાની તાકીદે અપેક્ષા રાખી રહ્યા છે.

## એસ.ટી. બસ સ્ટેન્ડ લાંબા સમયથી જર્જરિત

ફોટો: જર્જરિત બસ સ્ટેન્ડ

વેલાછા ગામમાં આવેલું એસ.ટી. બસ સ્ટેન્ડ લાંબા સમયથી અત્યંત જર્જરિત અને ખંડેર હાલતમાં ફેરવાઈ ગયું છે. બિનઉપયોગી બનેલું આ બિલ્ડિંગ હાલ માત્ર શોભાના ગાંઠિયા સમાન ઊભું છે. ચોમાસામાં અકસ્માતનો ભય હોવાથી તંત્ર આ ભયજનક ગમે ત્યારે તૂટી પડે તેવું બસ સ્ટેન્ડ વહેલી તકે હટાવે તેવી લોકમાંગ ઊઠી છે.



## ગામની પોસ્ટ ઓફિસ 20થી 25 ગામની જનતા માટે આશીર્વાદરૂપ

વેલાછા ગામની પોસ્ટ ઓફિસ આસપાસનાં ૨૦થી ૨૫ ગામોની જનતા માટે આશીર્વાદરૂપ છે. અહીંથી લોકોને બચત યોજનાઓ, મની ઓર્ડર, આધાર કાર્ડ અને ટપાલ જેવી મહત્ત્વની સેવાઓ સરળતાથી મળી રહે છે. ગ્રામીણ વિસ્તારના આર્થિક અને સામાજિક જોડાણ માટે આ પોસ્ટ ઓફિસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે.






વેલાછા-શેઠીને જોડતો કીમ નદીનો પુલ



જોગેશ્વર મહાદેવ




## ગામની ભાગોળે આવેલી ફેક્ટરીઓ લોકો માટે જોખમી

વેલાછા ગામની ભાગોળે આવેલી ફેક્ટરીઓ લોકો માટે આશીર્વાદને બદલે જોખમી બની ગઈ છે. સ્થાનિક લોકોના જણાવ્યાનુસાર આ ફેક્ટરીઓ ખાસ કરીને રાત્રિના સમયે મોટા પ્રમાણમાં ઝેરી પ્રદૂષણ ઓકે છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં હવાની ગુણવત્તા બગડી છે અને ગ્રામજનોને શ્વાસ લેવામાં પણ ભારે તકલીફ પડી રહી છે. ગામમાં કોઈ ગંભીર પ્રકારનો રોગચાળો ફેલાય તે પહેલાં, જવાબદાર તંત્ર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ ફેક્ટરીઓ સામે કડક પગલાં ભરી તાત્કાલિક તપાસ કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.




(માહિતી સંકલન અને તસવીર: ઇબ્રાહિમ કાનુ, હથોડા)